ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# લવારપુર પાસે ગેસના બાટલા ભરેલી ટ્રક સળગી

## એક પછી એક બાટલાઓ પ્રચંડ ધડાકા સાથે ફૂટતા ફફડાટ : મોડી સાંજે લવારપુર પાસે ટ્રક રિક્ષા સાથે ટકરાયા બાદ ઝાડમાં ઘુસી ગઈ : ૩ કલાક સુધી રસ્તાઓ બ્લોક થઈ જતા ચક્કાજામ : સદ્ભાગ્યે જાનહાની નહી

ગાંધીનગર, તા. ૧૦

અમદાવાદ-હિંમતનગર હાઈવે પર લવારપુર પાટીયા નજીક આજે સાંજે ગેસના બાટલા ભરેલી બોટલોવાળી ટ્રક અને રિક્ષા વચ્ચે થયેલા એક અકસ્માતના બનાવને પગલે ટ્રકમાંની બોટલો ફાટતાં પ્રચંડ ધડાકા સાથે આગ ફાટી નીકળી હતી. આ આગને કાબુમાં લેવા ફાયરબ્રિગેડે ત્રણ કલાક ભારે જહેમત ઉઠાવી હતી.

ત્રણ કલાક બાદ આગને કાબુમાં લેવામાં ફાયર સત્તાવાળાઓ સફળ રહ્યા હતા. જો કે આ સમયગાળા દરમ્યાન બન્ને બાજુ ટ્રાફિક જામ થઈ ગયો હતો.





(તસવીર : વિપુલ ચૌહાણ)



ગેસના બાટલાઓના ધડાકા એટલા પ્રચંડ હતા કે આસપાસના ગ્રામજનોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી હતી.

ગાંધીનગર નજીક બનેલ આ ઘટનાને લઈ તંત્ર પણ ચોંકી ઉઠ્યું હતું એટલું જ નહિ આ ઘટનાની સઘન તપાસ પણ હાથ ધરવામાં આવી છે. મોડી સાંજે જિલ્લા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને તપાસનો ધમધમાટ પણ આરંભી દીધો હતો.

અમદાવાદથી હિંમતનગર તરફ હાઈવે પર પસાર થઈ રહેલી ગેસના બાટલાઓ ભરેલી ટ્રક મોડી સાંજે લવારપુર ગામના પાટીયા પાસે એક રિક્ષા સાથે સામાન્ય ટકરાઈ હતી. રિક્ષા સાથે થયેલા અકસ્માત બાદ ટ્રકના ડ્રાઈવરે સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવી દેતા ટ્રક રસ્તાની બાજુમાં ઝાડ સાથે અથડાઈ ગઈ હતી અને આગ શરૂ થઈ ગઈ હતી. ગેસના બાટલા એક પછી એક પ્રચંડ ધડાકા સાથે ફૂટવા લાગતા આસપાસના ગ્રામજનો પણ ફફડી ઉઠયા હતા. જિલ્લા પોલીસનો કાફલો તથા ગાંધીનગર ફાયરબ્રિગેડના ઓફીસર મહેશ મોડ પણ તેમના કાફલા સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અઢીથી ત્રણ કિલોમીટર સુધી રસ્તાઓ ત્રણ કલાક બ્લોક થઈ જતા ટ્રાફીક જામ થઈ જવા પામ્યો હતો. ફાયરબ્રિગેડની ટીમે સતત પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લીધી હતી. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થવા પામી નથી.

### ખૂણે... ...ખાંચરેથી

- જિલ્લા પંચાયતની વેબસાઈટના અપડેશન માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પંચાયતના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ૨૧મી ડિસેમ્બરના રોજ યુવા કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.
- પ્રધાન મંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ અંતર્ગત બેંકર્સની એક કાર્યશાળા કલેક્ટર, ડી.ડી.ઓ.ની હાજરીમાં ચિલોડા નજીક યોજવામાં આવી છે.
- ગાંધીનગર પાટનગર યોજના ભવન પેટા વિભાગ-૨ની કાર્યપાલક ઈજનેરની જગ્યા ભરાઈ છે. આ જગ્યા પર વી.સી. ઝાલાની નિમણુંક કરવામાં આવી છે.
- ગાંધીનગરમાં એક મોટા શૉ રૂમમાંથી ખરીદી બાદ કેરી બેગનો રૂ. ૪ ગ્રાહક પાસે વસુલવામાં આવે છે.
- રાજ્યના નવનિયુક્ત પોલીસ વડા આજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે.



(તસવીર : કશ્યપ નિમાવત)

કેનાલ બેહાલ - ગાંધીનગરની આસપાસથી પસાર થતી નર્મદા કેનાલના હાલ હમણાં હમણાં 'બેહાલ' થતા હોય એમ લાગી રહ્યું છે... કેનાલને સ્વચ્છ રાખવા તંત્ર ગમે તેટલા પ્રયત્નો કરે, ગમે તેટલી સુરક્ષા વ્યવસ્થા કરે પરંતુ બધું ઠેરનું ઠેર જ છે... આપણી નદીઓમાં તો હવે પાણી રહ્યા નથી, એટલે લોકો પૂજાની સામગ્રી હવે નર્મદા કેનાલમાં પધરાવે છે... એટલું નહિં પણ હવે તો ન્હાવા અને કપડાં ધોવાનું પણ લોકોએ શરૂ કરી દીધું છે.... પરંતુ આ કાળા માથાના માનવીને એ ખબર નથી કે, આ પાણી સિંચાઈ માટે ઉપયોગમાં લેવાય છે અને પીવાના ઉપયોગમાં પણ લેવાય છે... ક્યારેક આપણે પણ આ પાણી પીવાનો વારો ન આવે... એટલું તો ધ્યાનમાં રાખીએ..

# એસ.ટી. બસમાં મુસાફરો માટે મુકાયેલા એલસીડી બંધ હાલતમાં!!

## જ્ઞાન સાથે ગમ્મત આપવાના અભિગમનું સુરસુરિયું!

ગાંધીનગર, તા.૧૦

મુસાફરોને જ્ઞાન સાથે ગમ્મત પુરી પાડવાના અભિગમ સાથે એસ.ટી. બસોમાં ફીટ કરાયેલા એલ.સી.ડી. સ્કીનમાં વારંવાર ક્ષતિ ઉદભવતા આ યોજનાનો કોઈ હેતુ સરતો નથી. હાલ ગાંધીનગર અમદાવાદ રૂટની મોટા ભાગની એસ.ટી. બસોમાં સ્કીન બંધ હાલતમાં છે. આ મામલે મુસાફરોની ફરિયાદોને ધ્યાને લઈ ડેપો તંત્રએ તપાસ હાથ ધરી છે.

એસ.ટી. બસમાં મુસાફરી કરતા પ્રવાસીઓને ધ્યાને લઈ અગાઉ બસમાં એલ.સી.ડી. સ્કીન ફીટ કરવામાં આવ્યા હતા. મુસાફરોને જ્ઞાન સાથે ગમ્મત મળી રહે તેવા આશયથી મુકાયેલા એલ.સી.ડી. સ્કીનમાં વારંવાર ખામી આવી જતા બિનઉપયોગી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે. ગાંધીનગર ડેપોની પણ ૨૨ બસોમાં આ પ્રકારના સ્કીન ફીટ કરાયા છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી આ સ્કીન બંધ હાલતમાં હોવાથી અપડાઉનકર્તાઓ ડ્રાઈવરને ફરિયાદ કરે છે. આ સ્થિતિને ધ્યાન લઈ ડેપો કક્ષાએથી તપાસ હાથ ધરવામાં આવી છે. એસ.ટી. નિગમ તેમજ અન્ય જાહેરાતોના માધ્યમ માટે મુકાયેલા આ સ્કીન પરથી બસમાં બેઠેલા મુસાફરોને મનોરંજન મળી રહે તેવા નવતર અભિગમ સાથે આ યોજના અમલમાં મુકવામાં આવી હતી. પરતુ લાંબા સમયથી સ્કીન માત્ર શોભાના ગાંઠીયા સમાન બની



રહેતા યોજનાનો કોઈ હેતુ સરતો ન હોવાનું ચિત્ર સ્પષ્ટ થયું છે.

# કલોલ-માણસા માર્ગને ૧૦ કરોડના ખર્ચે પહોળો કરાશે

## ૧૫ કી.મી.ના માર્ગનું વાઈડનીંગ કરવા સૈધ્ધાંતિક મંજૂરી અપાઈ

ગાંધીનગર, તા.૧૦

કલોલ-માણસા માર્ગનું ટૂંકમાં વાઈડનીંગ કામ હાથ ધરાશે. આ માર્ગને ૭ મીટર સુધી પહોળો કરવા રૂ. ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ રૂટમાં એક પણ વૃક્ષ નડતરરૂપ ન હોવાથી હરિયાળીને પણ કોઈ નુકશાન પહોંચશે નહીં.

શહેરી વિસ્તારના રોડ નેટવર્કને ચકાચક બનાવવા કરોડો રૂપિયાના ખર્ચને મંજૂરી આપવામાં આવી છે. જયારે જિલ્લા તાલુકાને જોડતા માર્ગોના નવીનીકરણ માટે પણ તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે. તાલુકા પ્લેસને જોડતા રસ્તાઓને ઓછામાં ઓછા ૭ મીટર જેટલા પહોળા કરવાનો અભિગમ અપનાવાયો છે. ત્યારે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી તાલુકા પ્લેસના વિવિધ માર્ગોને અપગ્રેડ કરવા વાઈડનીંગનું કામ હાથ ધરવામાં આવે છે. પાટનગર યોજના વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી માહિતી અનુસાર કલોલ-માણસા-વિજાપુરના ૧૪ કી.મી. માર્ગનું વાઈડનીંગ કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યું છે. હાલ આ માર્ગની પહોળાઈ ૫.૫ મીટરની છે જયારે માર્ગને ૭ મીટર પહોળા કરવા વિભાગને દરખાસ્ત તૈયાર કરી મોકલવામાં આવી હતી. આ દરખાસ્તને સૈધ્ધાંતિક મંજૂરી આપી દેવાઈ છે. આ કામગીરી પાછળ રૂ. ૧૦ કરોડનો ખર્ચ થાય તેમ છે. જયારે આ રૂટમાં વૃક્ષો નડતરરૂપ ન હોવાથી હરિયાળીને નુકશાન થશે નહીં. આગામી તબક્કામાં વહીવટી મંજૂરીના અંતે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી માર્ગ વાઈડનીંગનું કામ શરુ કરી દેવાશે.

# શાળા આરોગ્યમાં ૨૮૬ બાળકો સંદર્ભ સેવા સેવા પાત્ર મળી આવ્યા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી દરમિયાન ૨૮૬ બાળકો સંદર્ભ સેવાને પાત્ર જણાતાં તેમને નિષ્ણાત તબીબોની ચકાસણી માટે મોકલવામાં આવશે.

૨૨ નવેમ્બરથી શરુ થયેલ શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમમાં અત્યાર સુધીમાં ૮૨,૭૨૧ બાળકોની તપાસ પૂર્ણ કરી દેવામાં આવી છે. જે પૈકી બે હજાર જેટલા બાળકોને સ્થળ પર જ તપાસી અને સારવાર આપવામાં આવી છે.

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ૬૦ જેટલી મેડીકલ ટીમો બનાવી અને આ કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. જે સંદર્ભ સેવા પાત્ર બાળકો મળી આવ્યા છે. તેમની હવે આગામી સપ્તાહથી નિષ્ણાત તબીબો દ્વારા તપાસણી શરુ કરવામાં આવશે. આ માટે ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં પણ તબીબી અધિકારીઓની ખાસ ટીમ બનાવવામાં આવી છે. જિલ્લામાં ૩ લાખ જેટલા બાળકોના આરોગ્યની ચકાસણી તંત્ર દ્વારા કરવામાં આવનાર છે. તંત્ર બાળકોના આરોગ્યની ચકાસણીની સાથે સાથે આરોગ્ય સપ્તાહની ઉજવણીના કાર્યક્રમો પણ કરી રહેલ છે. જેમાં દાદા દાદી સાથેની બેઠક તેમજ બાળકીને જન્મ આપનાર માતા પિતાનું સન્માન અને ગ્રામ સફાઈ જેવા વિષયોને આવરી લઈ વિવિધ આરોગ્ય વિષયક જાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

# આજે ૧૧-૧૨-૧૩નો અનોખો સંયોગ : લગ્નો માટે ભારે ક્રેઝ

## લગ્નતિથિને યાદગાર બનાવવા રાજયમાં હજારો લગ્ન



ગાંધીનગર, તા.૧૦

અંગ્રેજી મહિના પ્રમાણે આજે બુધવારે શુભાંક યોગ સર્જાયો છે. આજે તા. ૧૧-૧૨-૧૩ તારીખનો અનોખો સંયોગ છે. આ અનોખી તારીખે હજારો યુગલો લગ્નગ્રંથિથી જોડાઈને લગ્નતિથિને યાદગાર બનાવવા થનગની રહ્યા છે. જો કે શાસ્ત્રોકત રીતે આ દિનનું કોઈ ખાસ મહત્વ નથી.

લગ્ન એ એક એવી પળ છે જેને યાદગાર બનાવવા માટે યુવાનો અવનવા પ્રયોગો કરે છે. તે જીવનભરનું સંભારણું બની રહે તે માટે ઘણા યુગલો લગ્ન માટેની તારીખની ખુબ સંશોધન બાદ પસંદગી કરે છે. ૧૪મી ફેબ્રુઆરીએ એટલે કે વેલેન્ટાઈન ડેના દિવસે લગ્ન કરવાની ઈચ્છા ઘણા યુગલો રાખે છે તો ભાગ્યે જ જોવા મળતા સંયોગમાં તો લગ્ન કરવા માટે હજારો યુગલો ઉત્સુક હોય છે. તેવો જ સંયોગ આજે

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું



અમારા મોટાભાઈશ્રી ચેહુજી પ્રતાપસિંહ ઝાલા (મકવાણા)નું દુઃખદ અવસાન તા. ૮/૧૨/૨૦૧૩ને રવિવારના રોજ થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૧૨/૧૨/૨૦૧૩ને ગુરૂવારના રોજ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઝાલા-મકવાણા વાસ, મુ. આદિવાડા, તા.જી. ગાંધીનગર. મો. : ૯૯૨૫૬ ૭૭૭૯૬

ઝાલા વિક્રમસિંહ પ્રતાપસિંહ (ભાઈ) — ઝાલા દિલીપસિંહ વિક્રમસિંહ (ભત્રીજા)
ઝાલા મનુજી ઉદાજી (ભાઈ) — ઝાલા જીતેન્દ્રસિંહ મનુજી (ભત્રીજા)
ઝાલા કાનાજી અરજનસિંહ (ભાઈ) — ઝાલા અમરસિંહ ભીખુસિંહ (ભત્રીજા)

સ્વ. પ્રતાપસિંહ સોંધાજી ઝાલા-મકવાણા પરિવાર

### નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૨-૧૨-૧૩, ગુરૂવારના રોજ, નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨૪, બોરપંપ

સહી/-
ટોરેન્ટ પાવર લિમિટેડ

IITE
INDIAN INSTITUTE OF TEACHER EDUCATION
GANDHINAGAR
વોક ઈન ઈન્ટરવ્યુ
સંસ્થાની મિલકતોની જાળવણી તથા મરામત વિગેરેના કામ સારૂ કરાર આધારિત સિવિલ એન્જિનિયરની જરૂર છે. ડીગ્રી / ડીપ્લોમા ઈજનેરોએ અનુભવ તથા શિક્ષણના પ્રમાણપત્રો સાથે તા. ૨૦/૧૨/૨૦૧૩ના રોજ સ્થળ : IITE, શ્રી રામકૃષ્ણ પરમહંસ સ્કૂલ, ખ-રોડ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે ૧૫-૦૦ કલાકે ઉપસ્થિત રહેવું. લાયકાતના આધારે મહેનતાણું નક્કી કરવામાં આવશે.
કુલસચિવ
આઈઆઈટીઈ

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
DT
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧ ● ફેક્સ ૨૩૨૩૦૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના ઓરીજીનલ ટાયર-ટ્યુબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com